



સમગ્ર ગુજરાતમાં દુષ્કાળના ડંકા વાગી રહ્યા છે. જ્યાં જુઓ ત્યાં પવનના સુસવાટા ધૂળની ઉડતી ડમરીઓ અને સૂકાતા પાકો નજરે પડે છે અને વરસાદ વીના ખેડાણ કર્યા વગરની જમીન ભેંકાર બાસતી દેખાય છે. જ્યાં થોડું ઘણું વાવેતર કરાયું છે તેને નિલગાયો ચરી જાય છે અને બાકીનું વરસાદ વિના સૂકાઈ રહ્યું છે ત્યારે ગરીબ અને નાના ખેડૂતોને હવે આત્મહત્યા કરવા જેવો વારો આવ્યો છે. એકબાજુ બેંકોના લેણાંની ઉઘરાણીનો પ્રશ્ન ખેડૂતોને સતાવે છે. બીજી બાજુ વિજળી બિલ ભરવાના નાણાં ક્યાંથી લાવવા, પશુઓને ઘાસચારા માટે ક્યાંથી વ્યવસ્થા કરવી અને બાળકોને કેવી રીતે જીવાડવા જેવા પ્રશ્નો ખેડૂતોને સતાવી રહ્યા છે. કપાસમાં ક્યાંક તો મોટા ભાગે ચરચી જેવો રોગ આવી ગયો છે. આવા બધા પ્રશ્નો ભેગા થાય એટલે ખેડૂતને માથે મોટું ટેન્શન વધી જાય છે અને ખેડૂત આત્મહત્યા કરવા માટે મજબુર થઈ જાય છે. વરસાદની ખેંચ સમગ્ર ગુજરાતમાં છે પરંતુ કાંકરેજમાં ખેડૂતોની કફોડી હાલત જોઈ સરકારશ્રી દ્વારા કોઈ રાહત પેકેજ ઘાસચારાની વ્યવસ્થા કરે તેવું કાંકરેજની પ્રજા ઈચ્છી રહી છે. નહીંતર ધરતીપૂત્રોના શા હાલ થશે અને થાય તે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી જાણે જ છે. તો સત્વરે કાંકરેજની પ્રજા સમી અંતઃ દૃષ્ટિ કરી કંઈક ઘટતું કરે તેવી લોકલાગણી સાથે માંગણી ઉઠવા પામી છે. નહીંતર ખેડૂતો પાયમાલ છે જે એવા વેધક પ્રશ્નો પ્રજામાં ઉઠવા પામેલ છે. (તસવીર : હેમુભા વાઘેલા)

# હિંમતનગરના સાબર સ્ટેડીયમ ખાતેથી જિલ્લાકક્ષાના વન મહોત્સવનો શુભારંભ

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના સાંસદ શ્રી ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણે જિલ્લા કક્ષાના ૬૩મા વન મહોત્સવનો શુભારંભ દીપ પ્રગટાવી કરાવ્યો હતો.

રાજ્યકક્ષાનો ૬૩મા વન મહોત્સવનો પ્રારંભ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પંચમહાલના માનગઢ ખાતેથી કરાવ્યાનું જણાવી સાંસદશ્રીએ રાજ્ય સરકારના ગાંધીનગર ખાતે યોજાતા કાર્યક્રમોને જિલ્લાકક્ષાએ અને જિલ્લા કક્ષાએ ઉજવાતા કાર્યક્રમોને તાલુકા કક્ષાએ ઉજવવાનું શરૂ કરતાં છેવાડાના માનવી સુધી મહોત્સવોની મહેક પ્રસરી હોવાનું જણાવ્યું હતું. ચાલુ વર્ષે તાલુકાના ગામવાર રૂટ નિયત કરી ગામડાઓમાં વધુને વધુ વૃક્ષો વાવીને હરિયાળુ ગુજરાત બનાવી, છોડમાં રણછોડની વિભાવનાને ચરિતાર્થ કરવા વન વિભાગ કટિબદ્ધ હોવાનું ઉમેર્યું હતું. ૨૦૦૪ થી રાજ્યમાં વિવિધ ધાર્મિક સ્થળોએ પુનિત વન, માંગલ્ય વન, હરિહર વન, તીર્થંકર વન, ભક્તિ વન અને શ્યામળ વન, સહિત સપ્તર્ષિ વન, નક્ષત્ર વન અને રાશી વન જેવા વનોનું નિર્માણ કરવાની સાથે આશરે બે કરોડ જેટલા વૃક્ષોનો ઉછેર પણ વન વિભાગે કર્યાનું સાંસદશ્રીએ કહ્યું હતું.

ગ્લોબલ વોર્મિંગની અસરથી ગુજરાતને બચાવવા રાજ્ય સરકારે એક અલગ વિભાગ કાર્યરત કર્યાનો ઉલ્લેખ કરી સાંસદશ્રીએ વાવે ગુજરાત કાર્યક્રમને સાર્થક કરવા ગામની પડતર જમીનમાં કે ખેતરોના શેઢા-પાળા ઉપર દેશી કુલના અથવા ફળાઉ વૃક્ષોનું વધુને વધુ વાવેતર કરવા ખેડૂતોને અનુરોધ કર્યો હતો. આ તકે શાળાના બાળકો દ્વારા જિલ્લામાં અલગ અલગ સ્થળોએ રોપાઓને ઉછેર કરવાના અભિનંદન પાઠવ્યા હતા.

કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હેમલતાબેન પટેલે માનવજીવનમાં સમાજિક અને ધાર્મિક પ્રસંગોમાં ઉપયોગી એવા તુલસી, વાંસ, પીપળો અને વડ જેવા અનેક વૃક્ષોની ઉપયોગીતા અને મહત્વ સમજાવી ગ્લોબલ વોર્મિંગથી થતાં ફેરફારોને અટકાવવા વૃક્ષોનો ઉછેર અનિવાર્ય હોવાનું જણાવ્યું હતું. માનવ જીવનને નિરોગી રાખવા રાજ્ય સરકારની પંચવટી યોજના હેઠળ વડ, આસોપાલવ, બીલી, આંબળા અને પીપળ જેવા પાંચ જુદા જુદા પ્રકારના વૃક્ષોનું વાવેતર પણ કરવામાં આવે છે તેમ પ્રમુખશ્રીએ જણાવી વધુને વધુ વૃક્ષો વાવી પ્રવૃત્તિના પુજારી બનવા અનુરોધ કર્યો હતો.

## સી.એ. ફાઈનલમાં સફળતા મેળવી રબારી સમાજનું ગૌરવ વધાર્યું

પાટણ તાલુકાના ઉંટવાડા ગામના અને ધંધાર્થે મુંબઈ ખાતે સ્થાયી થયેલ રબારી સમાજના યુવકે ચાલુ વર્ષે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પરીક્ષામાં સફળતા મેળવીને રબારી સમાજ સહિત ઉંટવાડા ગામ અને ખટાણા પરિવારનું ગૌરવ વધાર્યું છે. પાટણ તાલુકાના ઉંટવાડા ગામના વતની અને હાલ મુંબઈ ખાતે રહેતા તેજાભાઈ માધાભાઈ દેસાઈના પુત્ર વનરાજ દેસાઈએ ચાલુ વર્ષે સી.એ.ની ફાઈનલ પરીક્ષામાં જવલંત સફળતા હાંસલ કરી છે. વનરાજ શરૂઆતથી જ શિક્ષણ યાત્રામાં તેજસ્વી રહેતો હતો. જેમાં ધીરજ અને મહેનતથી તેણે સી.એ. ફાઈનલમાં સફળતા મેળવી પોતાના પરિવાર અને રબારી સમાજનું નામ રોશન કર્યું છે.

## ધ્યાન કેન્દ્રિત કરે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

પણ કામે લગાડવું પડશે. ચેરપર્સન સિંહાએ પત્રમાં જણાવ્યું છે કે બાળકોના ગૂમ થવાના કિસ્સા અંગે ખુદ મુખ્યમંત્રીએ પર્સલન ધ્યાન કેન્દ્રીત કરી વિભાગોને આદેશ આપવા જોઈએ.

દરમ્યાન આ પત્રની ગંભીરતા સમજીને મુખ્યમંત્રીએ સામાજીક ન્યાય વિભાગના અગ્રસચિવ સંજય પ્રસાદને સૂચના આપતાં તેમણે સામાન્ય વહીવટ વિભાગ, ગૃહ અને શ્રમ વિભાગના અધિક અગ્ર સચિવનું ધ્યાન દોરી જરૂરી પગલાં ભરવાની તાકીદ કરી છે.

સંજય પ્રસાદની સૂચના છે કે ૧૪થી નીચેની વયના બાળકો જ્યાં કામ કરતાં હોય તે શોધીને તેમને નોકરીએ રાખનારા સંચાલકો સામે પગલાં લઈને એવાં બાળકોને મૂક્ત કરાવવાની કાર્યવાહી કરવી.

## ભાજપને અલવિદા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સર્જન કરીશું કે જેમાં વ્યક્તિને નહીં કાર્યકરોને અને પ્રજાને સ્થાન હશે. બન્ને નેતાઓએ તેમના રાજીનામાનો પત્ર પાર્ટીના રાષ્ટ્રીય પ્રમુખ નિતીન ગડકરીને મોકલી આપ્યો છે.

પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે રાજીનામાના પત્રમાં શાયરીના અંદાજમાં લખ્યું છે કે વોહ ઈન્તજાર થા જિસકા યહ વો શહર (સવાર) તો નહીં.. અર્થાત જે સવાર માટે અમે આખી રાત જાગ્યા, જીંદગી અર્પણ કરી દીધી એ પરોઢની કલ્પના આવી ન હતી...લાગણીવિહીન આ સરકારનો અમે સાથ આપી શકતા નથી, પક્ષ કરતાં વ્યક્તિ મહાન થઈ જતાં વિચારધારા નેવે મુકાઈ ગઈ છે.

પાર્ટી હાઈકમાન્ડને મેં સ્થિતિ જણાવી હતી પરંતુ કોઈ એકશન લેવાની જગ્યાએ વ્યક્તિના ગુણગાન ગાવા પડે અને અમે મૂંગા મોંઢે જોયા કરીએ તે સ્થિતિમાંથી બહાર આવવાનો આ રસ્તો છે. કેશુભાઈએ કહ્યું કે પાર્ટીએ અને ગુજરાતની પ્રજાએ મને ખૂબ આપ્યું છે. છ વખત ધારાસભ્ય બન્યો. બે વખત મુખ્યમંત્રી થયો. રાજ્યસભા અને લોકસભામાં પણ મને સ્થાન આપ્યું છે. હવે જૂના ભાજપની રચના કરવાનું સાહસ કર્યું છે.

તેમણે સ્પષ્ટતા કરી હતી કે મારી લડાઈ સત્તા માટે નથી અને કદાપી ન હતી. પાર્ટીએ કહ્યું તેમ કર્યું છે પણ હવે ગુજરાત ભાજપની સ્થિતિ અને પ્રજાની વેદના જોવાતી નથી. અમે નવો વિકલ્પ લઈને આવી રહ્યાં છીએ જે મૂળ ભાજપને વરેલો હશે.

મેં જીવનમાં ક્યારેય વિચાર્યું ન હતું કે મારે રાજીનામું એવો શબ્દ લખવો પડશે. આ શબ્દ લખવા મને ભાજપના હાઈકમાન્ડે મજબૂર કર્યો છે ત્યારે દુખ થાય છે. હું ભાજપ છોડી રહ્યો છું. આ પત્ર દ્વારા ભાજપના પ્રાથમિક સભ્યપદેથી તથા પક્ષના તમામ પદ ઉપરથી હું રાજીનામું આપું છું.

કાશીરામ રાણાએ કહ્યું હતું કે મેં ૧૯૬૨થી મારા રાજકીય જીવનની યાત્રા શરૂ કરી હતી. મેં વકિલાતનો વ્યવસાય છોડીને જનસંઘ અને પછી ભાજપને સત્તા સુધી પહોંચાડવાના પ્રયાસ કર્યા છે પણ હવે તે ભાજપ રહ્યો નથી. વ્યક્તિલક્ષી રાજકારણ આવી ગયું છે. અમે બીજી પાર્ટીમાં જઈને બળવો કરતા નથી, પણ નવી પાર્ટીની રચના કરીએ છીએ. લોકસભાના સાંસદ તરીકે છ વખત ચૂંટાયો અને કેન્દ્રમાં મંત્રી રહ્યો છું. પ્રદેશ પ્રમુખની જવાબદારી પણ નિભાવી છે. ૧૦ વર્ષમાં ન જોયેલું થાય છે ત્યારે દુખ થાય છે. અપમાન ક્યાં સુધી સહન કરવાનું છે. કેન્દ્રીય નેતૃત્વ શાહમૃગી નિતી અપનાવી એક વ્યક્તિને છાવરી રહ્યું છે. રાષ્ટ્રીય પ્રમુખને લખેલા પત્રમાં તેમણે કહ્યું છે કે પ્રજાની પિડા દૂર કરવા હું ભાજપના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપું છું.

## નવી પાર્ટીમાં અટલ બિહારી વાજપેયીનું પ્રતિબિંબ હશે

નવી પાર્ટીના પાંચ વિકલ્પો વિચારવામાં આવ્યા છે પણ હજી કોઈ નામ ફાઈલન કરવામાં આવ્યું નથી. જો કે પાર્ટીમાં અટલ બિહારી વાજપેયીની કલ્પના સાકાર કરવામાં આવી છે. નવી પાર્ટીનું નામ ભાજપ-એ એટલે કે અટલ બિહારીના નામ સાથેનું પણ હોઈ શકે છે. રાષ્ટ્રવાદી ભાજપ પણ હોઈ શકે છે. મહા ગુજરાત જનતા પાર્ટીનો એક તબક્કે વિચાર કરવામાં આવ્યો હતો. જનસંઘનું હાલ અસ્તિત્વ રહ્યું નથી તેથી તે નામ ચાલી શકે તેવું નથી તેમ કાશીરામ રાણાએ કહ્યું હતું તેથી નવું નામ અમે શોધી રહ્યાં છીએ. ૫મી ઓગષ્ટે નવું નામ જાહેર કરાશે.

## સોમનાથની બેઠકમાં મોદી અને કેશુભાઈ પટેલ સામે આવશે

ભાજપમાંથી વિદાય થયેલા કેશુભાઈ પટેલ ભલે સરકારી કાર્યક્રમોમાં હાજરી ન આપે, મોદી બોલાવે અને જાય નહીં તેવું પણ બને પરંતુ સોમનાથ ટ્રસ્ટની બેઠકમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય નેતા લાલકૃષ્ણ અડવાણીનો સામનો તેમને કરવો પડશે કારણ કે સોમનાથ ટ્રસ્ટમાં કેશુભાઈ પણ સામેલ છે. આ પ્રશ્ન જ્યારે પૂછ્યો ત્યારે જવાબ મળ્યો કે મારે વ્યક્તિગતરીતે મોદી સામે કોઈ દ્વેશભાવ નથી.



ગુજરાત રાજયમાં છેલ્લા વર્ષોમાં ભય, ભુખ અને ભ્રષ્ટાચાર દુર કરવાના બણગા ફુંકતી રાજય સરકારે અનેક મામલે બણગો કરેલ છે. આક્ષેપ સાથે ગુજરાતમાંથી ગુમ થયેલ સતર હજાર બાળકોના વાલીઓની લાગણી-માગણીને આગળ ધપાવતા યુથ કોગ્રેસના કાર્યકરોએ ડીસા ખાતે આજે બાળકો બચાવ અભીયાન તળે બેનરમાં સહી કરી આ મામલે ઉદાસીન સરકાર સામે મોરચો માંડયો હતો. યુથ કોગ્રેસ કાર્યકરો દ્વારા ડી.એન.પી આટર્સ એન્ડ કોમર્સ કોલેજ ડીસા, રસાણા બી.સી.એ કોલેજ તેમજ સાંઈબાબા મંદિર ડીસા ખાતે બેનર પ્રદર્શન કાર્યક્રમ રખાયો હતો. યુથ કોગ્રેસના કાર્યકરોએ ગુમ થયેલ બાળકો માટે એક સહી કરો અને સદભાવના વ્યકત કરીએ અને તે રીતે ગુમ થયેલ બાળકોના મા- બાપ પ્રત્યે સંવેદના વ્યકત કરીએ કેમ કે સવેદના વીહીન ગુજરાત સરકારને જગાડવા આવો સાચી સદભાવના બતાવીએ . તેવો બેનર દ્વારા સંદેશ વહેતો કર્યો હતો.પોતાની સહી કરી ગુમ થયેલા પોતાના વ્હાલસોયા બાળકો માટે તરસતા મા- બાપ માટે પોતાની સંવેદના રજુ કરી હતી. યુથ કોગ્રેસે આ મામલે વધુ ઉગ્ર લડત આપવાની ચીમકી ઉચ્ચારી હતી. (તસવીર : કાંતીલાલ લોધા)

ગાંધીનગર સમાચાર
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

### સાબરકાંઠા જિલ્લામાં

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| અલ્તાફ શેખ | મોડાસા | ૯૯૯૮૮૯૮૬૭૮ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| વિઠ્ઠલભાઈ સુથાર | લક્ષ્મીપુરા | ૯૪૦૮૧૨૫૧૧૫ |
| રમેશચંદ્ર ચોકસી | શામળાજી | ૯૪૨૭૫૨૮૯૪૧ |

### મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં

| | | |
|---|---|---|
| ગણપતભાઈ જોષી | પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.) | ૯૩૭૫૦ ૭૬૦૬૧ |
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ) | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD — Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટચૂકડી જાહેર ખબર

સાંઈ દર્શન શિરડી શનિદેવ
અમદાવાદથી દર શુક્રવારે તથા દર મંગળવારે ૨x૨ લકઝરી બસ ઉપડે છે. રહેવા-જમવા સાથે શ્રાવણ / અધિક માસમાં મહારાષ્ટ્ર પાંચ જ્યોતિર્લીંગ દર્શન
સાઈરથ ટ્રાવેલ્સ
જીતુભાઈ
મો. : ૯૪૨૬૩ ૮૪૧૮૫

અઢળક નાણાં કમાઓ
વિદ્યાર્થી, ગૃહિણી, રીટાયર્ડ, અભણ, દિવસના ૨/૪ કલાક કામ કરીને ૭ દિવસના રૂ. ૬૦,૦૦૦/- સુધી કમાઓ
મો. : ૯૦૩૩૨૩૨૧૬૩
(અમૂલ્ય તક ૧૦૦%)

મકાન વેચવાનું છે
૨-રૂમ, કિચન, રો-હાઉસ, ગ્રાઉન્ડ ફ્લોર, બી/૬, કિર્તીધામ સોસાયટી, વાવોલ, ગાંધીનગર
સંપર્ક : ૯૮૨૪૨૬૭૧૯૯
સંપર્ક : ૯૮૨૪૦૬૪૩૧૨

## જાહેર ચેતવણી

આથી આ જાહેર ચેકવણીથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જણાવવાનું કે, અમારા અસીલો નામે અમરાભાઈ મેરાભાઈ ભરવાજના વારસ તે (૧) સમુબેન અમરાભાઈ મેરાભાઈની વિધવા, (૨) લીલાબેન તે અમરાભાઈ મેરાભાઈ ભરવાડ, (૩) કરશનભાઈ અમરાભાઈ ભરવાડ, (૪) જગદીશભાઈ અમરાભાઈ ભરવાડ, (૫) સંજયભાઈ અમરાભાઈ ભરવાડ, તમામ રહે. ભાટ, તા. જી. ગાંધીનગરનાઓએ ગાંધીનગરના મે. પ્રિન્સિપાલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં સ્પે. દિ.મુ.નં. ૧૮૨/૨૦૧૨થી નારાયણ ઓર્ગેનાઈઝરના ભાગીદાર અશ્વિનભાઈ નારણભાઈ પટેલ વિગેરે...નાઓ વિરુદ્ધ ડીસ્ટ્રીક્ટ - સબ - ડીસ્ટ્રીક્ટ - ગાંધીનગરના મોજે - ભાટની સીમના સ.નં. ૫૦ પૈકીની હે.આરે.ચો.મી. ૨-૩૯-૭૮, આકાર રૂ. ૧૧૫૧૮ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન ખાતા નં. ૩૮૮થી ચાલતી અને હાલ જેની રેવન્યુ રેકર્ડ મુજબ ૨૮૪૭૨ સમ ચો.વારની જમીનમાંથી રસ્તાની નીકપાતવાળી ૯૩૨ સમચો.વાર જમીન બાદ કરતા ૨૭૫૫૦ સમ. ચો.વાર. યાને ૨૩૦૩૫ સમ ચો.વારની બીન ખીતીની જમીન જેનો સમાવેશ ડ્રાફ્ટ ટાઉન પ્લાનીંગ સ્કીમ (સુઘડ-ભાટ)માં થયેલ છે. જેનો ફાઈનલ પ્લોટ નં. ૬૩/૧ની ૧૦૯૬૦ અને ફાયનલ પ્લોટ નં. ૬૩/૨ની ૯૯૦૫ સમ ચો.મી. ફાળવવામાં આવેલ છે તેના કુલ ૨૦૮૬૫ સમ ચો.મી.ની બીનખેતીની જમીનમાં બનેબહાલ નારાયણ બંગલોઝ અને નારાયણ એવન્યુ ફ્લેટ એ નામવાળી સ્કીમવાળી જમીનમાં અમારા અસીલોનો કાયદેસરનો વારસાઈ હક્ક પોષાતો હોવા બાબતે દાવા અરજ, કામચલાઉ મનાઈ અરજ ગુજારેલ છે જેની સબરજીસ્ટ્રાર કચેરી, ગાંધીનગર ખાતે દસ્તાવેજ નં. ૯૧૫૬ની લીસપેન્ડન્સી તા. ૧૦/૭/૨૦૧૨ના રોજ રૂબરૂ હાજર રહીને નોંધાવેલ છે.

સદર જમીન ઉપર બનેલ નારાયણ બંગલોઝ અને નારાયણ એવન્યુ ફ્લેટ બંને વાદગ્રસ્ત હોય તેથી કોઈએ વેચાણ, ગીરો, બક્ષીસ કે ટ્રાન્સફર, એસાઈનના વ્યવહારો કરવા કરાવવા નહીં જેની આ જાહેર ચેતવણીથી લાગતાવળગતા અને જાહેર જનતાને જણાવીએ છીએ...

**તારીખ : ૪-૮-૨૦૧૨** — **અમારી મારફતે (એમ. ડી. ચાવડા) એડવોકેટ ગાંધીનગર મો. ૯૩૨૭૭૭૫૪૧૧**

**અસીલોની સુચના અને ફરમાયશથી**